મોબાઇલ સ્નેચીંગ તથા ચેઇન સ્નેચીંગના બે (૨) ગુન્હામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતી, પુણા પોલીસ

સુરત શહેરના પુણા પો.સ્ટે. વિસ્તારમાં ચેઇન સ્નેચીંગ તથા મોબાઇલ સ્નેચીંગના તેમજ અ, પડત ગુના શોધી કાઢવા અંગે પો.સ.ઇ. વી.જે.ચાવડા તથા પોલીસના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સાથેના અ.પો.કો. ગોકુળભાઇ કાનજીભાઇ તથા અ.પો.કો. ગોપાલભાઇ ગોવિંદભાઇનાઓને બાતમી હકીકત મળેલ કે, "પુણા પો.સ્ટે ગુ.ર.નં. ૪૮૫/૨૦૧૯ ઈ.પી.કો. કલમ-૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના ગુનાના કામના ડી.સી.બી. પો.સ્ટે. ખાતે પકડાયેલ આરોપી સોહેલખાન ઉર્ફે લાલ રહીશખાન પઠાણના નિવેદનમાં જણાવેલ સહ આરોપી હમીદ ઉર્ફે બટકો સ/ઓફ રશીદ શેખનાનો વોન્ટેડ હોય અને નાસતો-ફરતો હોય જે આરોપી સરદાર માર્કેટ ખાતે ચાની કિટલી પાસે ઉભેલ છે. તેણે શરીરે કાળા કલરની લાંબી બાંયવાળી શર્ટ તથા બ્લ્યુ કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે."તેવી બાતમી આધારે હકીકતવાળી જગ્યાએ જઇ, હમીદ ઉર્ફે બટકો S/O રશીદ શેખ ઉ.વ.૨૩ રહે. સી/૧૪૮, રૂમ નં. ૧૭, ભેસ્તાન આવાસ ભાડેથી ડીંડોલી, સુરત શહેર. મુળગામ સિંદખેડા જી. જલગાંવ(મહારાષ્ટ્ર) નો હોવાનું જણાવતા તેને પુણા પોલીસ સ્ટેશન ખાતે લઇ આવી પુણા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૪૮૫/૨૦૧૯ ઈ.પી.કો. ૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના ગુન્હામાં નાસતો ફરતો હોય જેને પકડી પાડી, નીચે મુજબના ગુન્હાઓ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

ડિટેક્ટ કરેલ ગુન્હાઓ:-(૧) પુણા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૪૮૫/૨૦૧૯ ઈ.પી.કો.૩૭૯(એ)(૩),૧૧૪ મુજબ (૨) કાપોદ્રા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૨૫૯/૨૦૧૯ ઈ.પી.કો. ૩૭૯(એ)(૩),૧૧૪ મુજબનો ગુન્હો ડિટેક્ટ કરવામા આવેલ છે.